## જન્મદિને વધામણી

આર ડી ગાંધી

રશ્મિ મીતેષ મોદી

હાર્દિક સંજયકુમાર શાહ
મો. ૯૭૧૨૯ ૪૪૭૩૧

# આદર્શ નિવાસી કન્યા શાળા દ્વારા વિશ્વ યોગ દિનની ઉજવણી કરાઈ

વિકસતી જાતિ કલ્યાણ ખાતા સંચાલિત આદર્શ નિવાસી કન્યા શાળા, સેક્ટર-૧ ઉના પટાંગણમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી.

આ પ્રસંગે વિકેર ફાઉન્ડેશનના ચેરમેન જે સી પટેલ, હોદ્દેદાર રમણભાઈ, રાજુભાઈ, જયંતિભાઈ અને વિકસતી જાતિ કલ્યાણ ખાતાના જિલ્લા નાયબ નિયામક ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓ માટે 'યોગ મહાત્મ્ય' વિષયક વક્તવ્ય પણ યોજવામાં આવ્યું હતું. જે સી પટેલ દ્વારા સરળ, ભાવવાહી અને અસરકારક શૈલીમાં યોગના મહત્ત્વ વિષયક આ વક્તવ્ય વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. સ્વ. તપસ્વીની સ્મૃતિમાં તેમના પિતા અરવિંદભાઈ પટેલ દ્વારા શાળાની વિદ્યાર્થિનીઓને ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## આર જી પટેલ કન્યા શાળા દ્વારા યોગ દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ કન્યા શાળા ખાતે યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં સૌ વિદ્યાર્થિનીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. યોગની તમામ ક્રિયાઓ ધોરણ-૧૧ અને ધોરણ-૧૦ની ૭ વિદ્યાર્થિનીઓના માર્ગદર્શનમાં કરવામાં આવી હતી, જેમને શાળાનાં ઉચ્ચતર માધ્યમિક વિભાગનાં શિક્ષક ઊર્વશીબેન દ્વારા તાલીમ પ્રાપ્ત થઈ હતી.

શાળાની ૨૫૦ વિદ્યાર્થિનીઓ સ્વર્ણિમ પાર્ક ખાતે યોગના જાહેર કાર્યક્રમમાં પણ જોડાઈ હતી. વિદ્યાર્થીઓને યોગ નિદર્શનનો વિડીયો દર્શાવી બે દિવસ મહાવરો કરાવવામાં આવ્યો હતો અને ત્યારબાદ સફળ રીતે યોગ દિવસની ઉજવણી હાથ ધરવામાં આવી હતી.

# ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ ખાતે વૃક્ષારોપણ દિવસની ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ ખાતે શનિવારે વૃક્ષારોપણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને વૃક્ષોનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા 'વૃક્ષ બચાવો, પ્લાસ્ટિક બચાવો' ગીત પર ડાન્સ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓની સાથે મેનેજમેન્ટ, ડિરેક્ટર, આચાર્ય અને શિક્ષકગણે પણ વૃક્ષો વાવી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

## આજે 'નિસબત' વિષયે કવિ રમણ વાઘેલાનું વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૨૩

દલિત સાહિત્ય વિમર્શ મંચના ઉપક્રમે દલિત સાહિત્ય પ્રતિષ્ઠાનના પ્રકાશન 'નિસબત-૨૦૧૬' વિષયે કવિ રમણ વાઘેલાનું વ્યાખ્યાન રવિવાર, તા. ૨૪ જૂનના રોજ સમિતિ ખંડ, ડૉ. આંબેડકર ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યું છે. સૌ સાહિત્યરસિકોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા મંચના સાહિલ પરમાર દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## સંસ્કાર ગ્રૂપ દ્વારા આજે અખબાર વાચન અને બાળ રમતો

ગાંધીનગર, તા. ૨૩

બાળકોની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી સંસ્થા સંસ્કાર ગ્રૂપ દ્વારા રવિવાર, તા. ૨૪ જૂનના રોજ વર્તમાનપત્રોનું વાચન અને રમતોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની માહિતી આપતાં ગ્રૂપના પ્રમુખ તુષાર દવેએ જણાવ્યું છે કે રવિવારે સાંજે ૬.૩૦થી ૭.૩૦ દરમિયાન જાહેર ઉદ્યાન, સેક્ટર-૭ ખાતે વિવિધ વર્તમાનપત્રોનું વાચન, ઉપરાંત વિવિધ રમતોની તાલીમ અને અડકો દડકો, ધમાલ ધોકો, આંધળો પાટો, નદી-પર્વત જેવી બાળકોની જૂની રમતો રમાડવામાં આવશે. સંસ્થાના સભ્ય ઉપરાંત નગરના અન્ય રસિક બાળકોને પણ આ પ્રસંગે ઉપસ્થિત રહી પ્રવૃત્તિઓનો લાભ લેવા તેમના દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# એસ. જી. અને એસ. વી. અંગ્રેજી માધ્યમ પ્રાઈમરી શાળામાં પ્રવેશોત્સવ - વાલી મીટિંગ

ગાંધીનગર, તા. ૨૩

એસ. જી. એસ. વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં શનિવારના રોજ નવા સત્રના પ્રારંભે શાળામાં પ્રવેશ મેળવનાર ધોરણ-૧થી૮ના વિદ્યાર્થીઓના વાલીઓ સાથે શાળા પરિચય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં નવા પ્રવેશ પામેલા વાલીઓને પી. પી. ટી. દ્વારા શાળાના સમગ્ર વાતાવરણથી પરિચિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનો પ્રારંભ પ્રાર્થના દ્વારા થયો હતો. ત્યારબાદ આચાર્ય મિલી સિંઘે આ પ્રસંગને અનુરૂપ વક્તવ્ય આપ્યું હતું. ત્યારબાદ શાળાના નિખિલસરે પી.પી.ટી. દ્વારા શાળાના સમગ્ર વાતાવરણથી વાલીગણને પરિચિત કરાવવામાં આવ્યા હતા. ત્યારબાદ એસ.જી, એસ.વી. શાળાના ધોરણ-૧ના વાલીગણ સાથે મીટિંગનું આયોજન થયું હતું.

# શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે યોગ દિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૩

શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સેક્ટર-૨૫ દ્વારા યોગદિનની ઉજવણી સ્વર્ણિમ પાર્ક ખાતે કરવામાં આવી હતી. સંસ્થાના ૨૦૦ વિદ્યાર્થીઓ સાથે સંસ્થાના વ્યાયામ શિક્ષક કલ્પેશભાઈ દવેએ ઉપસ્થિત રહી કાર્યક્રમની સફળતા માટે યોગદાન આપ્યું હતું. ઉપરાંત શાળા પરિસર ખાતે પણ વિદ્યાર્થીઓએ વ્યાયામ શિક્ષક કિરણભાઈ ઠાકોરના માર્ગદર્શનમાં યોગનાં આસનો કર્યાં હતાં.

# શ્રી જયપ્રકાશ વિદ્યાલય ખાતે પ્રવેશોત્સવની ઉજવણી

શ્રી જયપ્રકાશ વિદ્યાલય ખાતે ધોરણ-૧, ૯ અને સેક્ટર-૨૪ નગરપાલિકા સંચાલિત પ્રાથમિકશાલાના વિદ્યાર્થીઓનો શાળા પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

સિવિલ સપ્લાય કોર્પોરેશનનાં એડિશનલ સેક્રેટરી સંગીતાસિંઘ અને જિલ્લા શિક્ષણ-તાલીમ ભવનનાં સિનિયર લેક્ચરર ઊર્મિલાબેન પંચાલના હસ્તે વિદ્યાર્થીઓને પુસ્તકો, સ્કૂલ બેગ અર્પણ કરી મોં મીઠું કરાવવામાં આવ્યું હતું.

શાળાના પૂર્વ વિદ્યાર્થી તથા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સમીરભાઈ ઘાંચીનું તથા પૂર્વ આચાર્ય રમણસિંહજી વાઘેલાનું આ પ્રસંગે સન્માન કરવામાં આવ્યું હતું. સમીરભાઈ ઘાંચી દ્વારા વિદ્યાર્થીઓને કંપાસ બૉક્સની ભેટ ધરવામાં આવી હતી. શાળામાં ધોરણ-પાંચથી ૧૦માં પ્રથમ આવેલા વિદ્યાર્થીઓને ઈનામો આપીનો પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શાળા સંચાલક દક્ષાબેન સુથારે કાર્યક્રમ માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા પત્રકારત્વ કોર્સમાં પ્રવેશની તક

## એક વર્ષનો કોર્સ : ગ્રેજ્યુએટ થયેલા વિદ્યાર્થી પ્રવેશને પાત્ર

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરની પ્રતિષ્ઠિત યુનિવર્સિટી કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા પત્રકારત્વનો પીજી ડિપ્લોમા અભ્યાસક્રમ ચાલી રહ્યો છે, જેના માટે પ્રવેશ પ્રક્રિયાનો આરંભ કરવામાં આવ્યો છે.

આ અંગેની એક અકબારી યાદીમાં વિશ્વવિદ્યાલય દ્વારા જણાવવામાં આવ્યું છે કે ગાંધીનગર ખાતે પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા ઈન જર્નાલિઝમ એન્ડ માસ કમ્યુનિકેશન છેલ્લાં છ વર્ષથી સફળતાપૂર્વક ચાલી રહ્યો છે, જે અંતર્ગત તાલીમાર્થીઓને અગ્રણી પત્રકારો અને પત્રકારત્વ ક્ષેત્રના અનુભવી તજ્જ્ઞો દ્વારા તાલીમ આપવામાં આવે છે. આ કોર્સ અંતર્ગત તાલીમાર્થીઓને તાલીમ આપવા માટે ગાંધીનગર, અમદાવાદ ઉપરાંત રાજ્યના ખ્યાતનામ મીડિયાકર્મીઓની પોતાની સેવાઓ આપી રહ્યા છે. જેના પરિણામે અહીંથી તાલીમ પામેલાં અનેક તાલીમાર્થીઓ અત્યારે મીડિયાના ક્ષેત્રમાં સફળતાપૂર્વક કાર્ય કરી રહ્યા છે ને સમાજને પોતાનું બહુમૂલ્ય યોગદાન આપી રહ્યા છે.

પત્રકારત્વના આ કોર્સમાં પત્રકારત્વના પાયાના સિદ્ધાંતો, લેખન કૌશલ ઉપરાંત પ્રવર્તમાન સમયમાં જરૂરી એવી એન્કરીંગ, વોઈસ ઓવર, વોઈસ મોડ્યુલેશન, ડબિંગ અને કેમેરા ફેસીંગની પ્રેક્ટિકલ ટ્રેનીંગનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓને જરૂરી એવું ફિલ્ડ વર્ક પણ કરાવવામાં આવે છે અને તેમને પત્રકારત્વનાં સઘળાં પાસાઓની થિયરીકલ તથા પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવે છે.

કોર્સની અભ્યાસસામગ્રી, વિશ્વવિદ્યાલયની અનુભવી અભ્યાસ પધ્ધતિ અને ઉજ્જવળ ખ્યાતિને કારણે કેમ્પસમાંથી જ વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ મળી જાય એવી તકોનું નિર્માણ પણ અહીં શક્ય બને છે.

પત્રકારત્વના કોર્સનો સમયગાળો એક વર્ષનો છે અને સપ્તાહના છ દિવસ માટે સાંજે બે કલાક તાલીમાર્થીએ થિયરીકલ તાલીમ માટે આવવાનું હોય છે. આ ઉપરાંત ફિલ્ડ વર્ક અને સંસ્થા મુલાકાતો પણ યોજવામાં આવે છે.

કોઈ પણ વિષયમાં સ્નાતક એટલે કે ગ્રેજ્યુએશન પૂર્ણ કરનાર વિદ્યાર્થી આ કોર્સમાં પ્રવેશ પ્રાપ્ત કરી શકે છે. એલડીઆરપી કેમ્પસ, સેક્ટર-૧૫ ખાતે આ કોર્સમાં પ્રવેશ માટે સંપર્ક કરવાનો રહેશે. આ અંગેની વધુ માહિતી માટે અભ્યાસ સંયોજક મિતેષ મોદી (૮૪૦૧૮ ૬૩૨૨૯)નો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

# પાલજ પ્રાથમિક શાળામાં યોગ દિવસની ઉજવણી

વિશ્વ યોગ દિવસ નિમિત્તે પાલજની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ગાયત્રી પરિવારના ભોગીલાલ ઠક્કર અને મહેન્દ્રસિંહ બિહોલાના માર્ગદર્શનમાં યોગ તથા પ્રાણાયામ કરવાનો લાભ લીધો હતો.

# સમગ્ર ભારતમાં ભ્રમણ કરનાર પરશુરામ યાત્રાનું ગાંધીનગર બ્રહ્મભવન ખાતે આગમન

ગાંધીનગર, તા.૨૩

બ્રહ્મ પરશુરામ અખાડાના આચાર્ય રાજેશ્વર મહારાજ બ્રહ્મ સંસ્કાર, સંસ્કૃતિ, શિક્ષણ, સંગઠન અને ઉદ્યોગના પ્રસાર-પ્રચાર માટે સમગ્ર ભારત, ભૂતાન, નેપાળ અને મોરેશીયસમાં ભ્રમણ માટે નીકળ્યા છે. ભારતના ૧૨૦૦૦ ગામડાઓમાં ભ્રમણ કરીને બ્રહ્મબંધુઓને એકસૂત્રતાની સાંકળે બાંધવાના હેતુથી રાજેશ્વર મહારાજે તા. ૫-૩-૨૦૧૮થી ભ્રમણની શરૂઆત કરી છે. મહારાજની પરશુરામ યાત્રાનું બ્રહ્મભવન ખાતે તાજેતરમાં આગમન થયું છે.

ગાંધીનગર બાદ પરશુરામ યાત્રાની આગામી કુંભમેળામાં અલ્હાબાદ ખાતે સમાપ્તિ થશે. ત્યારબાદ વિદેશયાત્રાની શરૂઆત કરવામાં આવશે. ગાંધીનગર બ્રહ્મભવન ખાતે યાત્રાનું આગમન થતા બ્રહ્મઅગ્રણીઓ અશ્વિન ત્રિવેદી, નરેશ દવે, મહેન્દ્ર વ્યાસ, પી.ડી. વ્યાસ, જયશ્રી ખેતીયા, બિપીન જાની, ધનંજય યાજ્ઞિક વગેરે દ્વારા પરશુરામની આરતી ઉતારી સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું. બ્રહ્મબંધુઓ દ્વારા ગાંધીનગર, માણસા, દહેગામ અને કલોલ ખાતે યાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

# ચિલોડા સેવા કેન્દ્ર ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ મનાવાયો

ચિલોડા, તા.૨૩

તાલુકાના ચિલોડા-બ્રહ્માકુમારી સેવા કેન્દ્ર ખાતે ચોથા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે તા. ૧૮ થી ૨૧ સુધી યોગ નિષ્ણાત દ્વારા ચિલોડા હોમ ગાર્ડઝ સબ યુનિટના જવાનોએ અનોખી રીતે યોગાભ્યાસ કરી મનાવ્યો હતો. આ પ્રસંગે તા. ૨૧મી જૂન વિશ્વ યોગ દિનની ઉજણીના ઉપક્રમે જિલ્લા કક્ષાના ગાંધીનગર જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટ વી.આર. પ્રજાપતિ, કે.ડી. રાજપૂત, જિલ્લા ઈન્સ્ટ્રકટર પ્રદિપસિંહ સોઢા, ગાં.જિ. હોમ ગાર્ડઝ તાલીમ ઓફિસર, ડૉ. તેજસ્વી શર્મા એમ.ડી. વાસ્તુગુરુ, રેડી ગ્રાન્ડ માસ્તર યોગ ગુરુ હોમિયોપેથી,

આયુર્વેદ, મનોજભાઈ-પંચકર્મી આયુર્વેદ ગીતાબેન રાઠોડ-ઉપપ્રમુખ દહેગામ નગરપાલિકા નરેશ રાઠોડ ઓફિસર કમાન્ડિંગ દહેગામ એન.જે. સોલંકી, ઈન્ચાર્જ ઓફિસર ચિલોડા સહિત હોમગાર્ડઝ જવાનો, બ્રહ્માકુમારી ભાઈ-બહેનોને માઈન્ડ મેડીટેશનર ડૉ. તેજસ્વી શર્માએ યોગા અભ્યાસ કરાવી સમજ પુરી પાડી હતી.